Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

દોહરો.
આંત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનન્દ પ્રકાશ.

પુસ્તક ૬ ઠું. વિક્રમ સંવત્ ૧૯૬૫. વૈશાખ. અંક ૧૦ મો.

## પ્રભુ સ્તુતિ.

### શાર્દૂલવિક્રીડિત.

જે શોભે શમ શાંતિથી હૃદયમાં [1]શાંતિસુધાને વહે,
[2]શાંતાકાર ધરી રહે જગતમાં શાંતિ પ્રભાવો કહે;
જે આપે [3]શિવશાંતિને સકલને શાંતિ ન છોડે કદા,
તે [4]શાંતિ જિન શાંતમૂર્ત્તિ જનને શાંતિ કરો સર્વદા. ॥૧॥

## ગુરૂ સ્તુતિ.

### હરિગીત.

શુભ બોધથી શુભ સર્વનું કરવા પ્રવૃત્તિ જે કરે,
ઉપદેશ આર્હત ધર્મનો આપી સદા હિત આચરે;
જે [1]ઉષર જેવા ક્ષેત્ર તે [2]નવપલ્લવો વિચરી કરે,
તે સૂરિ વિજયાનંદનો પરિવાર જયવંતો ફરે. ॥૨॥

૧ શાંતિરૂપી અમૃતને. ૨ શાંત આકારરૂપ. ૩ મોક્ષરૂપ શાંતિને. ૪ શ્રી શાંતિનાથ ભગવાન.

૧ ખારી જમીન જેવા. ૨ નવપલ્લવિત બનાવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ક્રોધ અને ક્ષમાનો સંવાદ.

( ગતાંક પાને ૨૦૫ થી શરૂ. )

**ક્રોધ**—ક્ષમા, એ ખરી વાત છે. હું જ્ઞાનના સ્વરૂપને ઓલખતો નથી, પણ કેટલાએક મહાત્માઓના મુખથી હું જ્ઞાનના વખાણ સાંભળ્યા કરૂં છું.

**ક્ષમા**—અરે ક્રોધ, મહાત્માઓનો પ્રસંગ તારે ક્યાંથી થાય?

**ક્રોધ**—એમાં શું પુછે છે ? આજકાલ તો એવા મહાત્મા કોઇકજ હશે કે, જેને મારો સંગ નહીં હોય. ઘણા મુનિઓ વિદ્વાન્ અને આચાર્ય, પંન્યાસ તથા ગણી પદના ધારક હશે તો પણ તેઓ કોઇ કોઇ વાર મારૂં સ્મરણ કરે છે. અર્થાત્ તેવાઓને પણ ક્રોધ થયા વિના રહેતો નથી. આથી કરીને મારે તે મહાત્માઓનો ઘણીવાર સંગ થઇ જાય છે. જો કે કેટલાએક મહાત્માઓ પોતાના ચારિત્ર ધર્મની શુદ્ધિના પ્રભાવથી મને પોતાના હૃદયમાં અવકાશ આપતા નથી, પણ તેઓનો ઘણો ભાગ કોઇ કોઇ વાર મને સ્થાન આપનારો નીકલે છે. અને જ્યારે તેઓ મને બોલાવે, તે વખતે હું તેમની પાસે હાજર થાઉં છું. તે વખતે મારા સંગથી ક્રોધાતુર થયેલા તે મહાત્માને બીજા કોઇ શાંત અને સંયમધારી મુનિ મારો દ્વેષ કરવા તૈયાર થાય છે. તે પ્રસંગે તેમના મુખમાંથી શાંતિ અને જ્ઞાનનું માહાત્મ્ય મારા સાંભળવામાં આવે છે. તેથી કરીને હું જાણું છું કે, જ્ઞાન એ કોઇ મોટી વસ્તુ હશે.

**ક્ષમા**—અરે ક્રોધ, તું જ્ઞાન ના સાંભળેલા ગુણો જાણે છે, પણ તને તેનું અનુભવી જ્ઞાન ક્યાંથી હોય ? જો જ્ઞાન વસ્તુનું સ્વરૂપ તારા અનુભવમાં આવ્યું હોય તો તું તારા ક્રોધ સ્વરૂપને ભુલી જા. જ્યાં જ્ઞાનનું નિર્મલ જ્યોતિ પ્રકાશે છે, ત્યાં તારા સ્વરૂપનું અંધકાર ટકી શકતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ક્રોધ**—બાઇ, તું કહે છે, તે **ખરી** વાત છે, પણ મારો કહેવાનો આશય એવો છે કે, તારાથી તે જ્ઞાન સો દરજ્જે ચડીઆતું છે. તેની આગલ તારી આત્મપ્રશંસા પણ ચાલી શકે તેમ નથી. જો કે, હું તે જ્ઞાનના સ્વરૂપને જાણી શકતો નથી. તો પણ સાંભળવાથી એટલું તો જાણું છું કે, તે વસ્તુ તારાથી અધિક છે.

**ક્ષમા**—અરે મૂર્ખ, મને વારંવાર આત્મપ્રશંસા કરતાં શરમ લાગે છે, તથાપિ મારે કહેવું જોઇએ કે, જે જ્ઞાનના તું વખાણ કરે છે, તે જ્ઞાનનું આભૂષણ હું પોતે **ક્ષમા** છું, એમ વિદ્વાનો કહે છે.

**ક્રોધ**—અરે આત્મશ્લાઘા કરનારી, એ વાત તારા કહેવા ઉપરથી મારાથી શી રીતે મનાય? તેને માટે કાંઇ પ્રમાણ હોય તો કહે.

**ક્ષમા**—અરે અજ્ઞાની, જો તારે તે વિષે પ્રમાણ જોઇતું હોય તો સાંભળ—

**" नरस्याभरणं रूपं रूपस्याभरणं गुणः ।**
**गुणस्याभरणं ज्ञानं ज्ञानस्याभरणं क्षमा " ॥ १ ॥**

" પુરૂષનું આભૂષણ રૂપ છે; રૂપનું આભૂષણ ગુણ છે, ગુણનું આભૂષણ જ્ઞાન છે અને જ્ઞાનનું આભૂષણ ક્ષમા છે. " ૧

આ શ્લોક તારા હૃદયને ગમશે નહીં, તથાપિ તારા હૃદયની ખાત્રીને માટે મેં આ વખતે કહેલો છે.

ક્ષમાદેવીના મુખમાંથી આ શ્લોક સાંભળી ક્રોધ નિસ્તેજ થઇ ગયો. તેના લલાટ ઉપર ચિંતાનું ચિન્હ દેખાઈ આવ્યું. તથાપિ તે પોતાના સ્વભાવને અનુસરી પાછો બોલ્યો.

**ક્રોધ**—ક્ષમા, એ શ્લોક કદિ સાચો હશે, પણ તે ઉપરથી કાંઈ તારે રાજી થવાનું નથી. વખતે કોઇ વિદ્વાને તારી ખુશામત કરવાને માટે એ શ્લોક રચ્યો હોય, તેમ લાગે છે. તું તારા મનમાં ખોટું લગાડીશ નહીં. તેમ મારી ઉપર ગુસ્સે થઇશ નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ક્ષમા**—અરે અજ્ઞાની મૂર્ખ, જ્યારે મારામાં ગુસ્સો ઉત્પન્ન થાય તો પછી હું **ક્ષમા** શાની? અને તારામાં અને મારામાં ફેર શો? તું ગમે તેટલું કહે તો પણ મારા સ્વરૂપમાં કોઈ જાતનો વિકાર થવાનોજ નહીં. હું સર્વદા શાંત સ્વરૂપે રહેનારી છું. તું મારા શુદ્ધ સ્વરૂપને જાણતો નથી; તેથી આવી શંકા કરે છે. જ્યારે મારામાં કોઈ જાતનો વિકાર ઉત્પન્ન થાય તો પછી હું ક્ષમા જ ન કહેવાઉં. ક્ષમાનું શુદ્ધ સ્વરૂપ ઓલખવાને તારામાં જરા પણ શક્તિ નથી.

અપૂર્ણ.

# સિદ્ધ સારસ્વત કવીશ્વર ધનપાલ.

( ગતાંક છઠ્ઠાના પૃષ્ટ ૧૨૯ થી અનુસંધાન. )

કવીશ્વર ધનપાલ મહારાજા ભોજપાલની નગરીને છોડી ચાલ્યો ગયો હતો. તે પછી કેટલેક દિવસે રાજા ભોજના જાણવામાં આવ્યું કે, કવીશ્વર ધનપાલ પોતાની નગરીમાંથી ચાલ્યો ગયો છે. આથી રાજા ભોજને ઘણો પશ્ચાત્તાપ થયો. તેણે પોતાના હૃદયમાં ચિંતવ્યું કે, "મેં ખરેખર મૂર્ખતા કરી છે. કવીશ્વર ધનપાલ મારી રાજસભાનું તેજ હતું. મેં પોતાની મેળેજ મારી સભાને નિસ્તેજ કરી. આ મારૂં કામ અતિશય સાહસ ભરેલું થયું." આ પ્રમાણે રાજાભોજ હંમેશા ચિંતવતો અને હૃદયમાં પશ્ચાત્તાપ કરતો હતો. એક વખતે સિદ્ધ સારસ્વત કવીશ્વરધનપાળ કવીની ચિંતા કરતાં રાજાને આવી તેના મંત્રીએ જણાવ્યું કે, "મહારાજ, એક **ધર્મ** નામનો કોઇ કવિ આપણી નગરીમાં આવ્યો છે. તેની કવિત્વ શક્તિ અસાધારણ છે." આથી રાજાએ તે કવિને પોતાની પાસે બોલાવ્યો. સમર્થ કવિ ધર્મ ભોજરાજાની પાસે આવી ઉભો રહયો. ભોજે તેને પ્રણામ ક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીને કહ્યું, "તમે કોણ છો ? અને કયાં રહો છો ?" કવીશ્વર ધર્મ ગર્વ લાવીને બોલ્યો–"રાજેંદ્ર, હું ભૃગુપુર–ભરૂચ નગરનો રહેવાસી બ્રાહ્મણ છું. મારામાં એવી કવિત્ત્વ શકિત છે કે જેથી હું ક્ષણમાં સર્વ કવિઓનો પરાભવ કરી શકું છું." રાજા ભોજે હાસ્ય કરીને કહ્યું, "કવિરાજ, સારા કવિઓ એવાજ હોય છે. તમારામાં કાંઇ વિશેષ નહીં હોય. કુદ્રતી પ્રતિભા શકિત જેનામાં પ્રગટી હોય તે એવાજ કવિઓ હોય છે.

ધર્મ કવિએ સાભિમાન થઈ જણાવ્યું, "રાજેંદ્ર, હું વિચિત્ર રીતે કવિ થયેલો છું. મારામાં જે કવિત્વ શક્તિ સ્ફુરી છે, તેવી કોઇનામાં ભાગ્યેજ સ્ફુરી હશે." રાજા ભોજે ઇંતિજારીથી કહ્યું,—"કવિરાજ, તમે વળી કેવી રીતે કવિ થયા છો ? તે જાણવાની મારી ઇચ્છા છે."

રાજા ભોજના આવા વચનો સાંભળી તે ધર્મકવિએ પોતાનો વૃત્તાંત આ પ્રમાણે કહેવા માંડયો—"મહારાજા, ભૃગુકચ્છ નગરમાં મારા પિતા રહેતા હતા; મારા પિતાનું નામ **શૂરદેવ** અને માતાનું નામ **સાવિત્રી** હતું. તેમનો હું **ધર્મ** નામે પુત્ર છું. મારે **શર્મ** નામે બીજો ભાઇ છે. અને **ગોમતી** નામે એક વ્હેન છે. હું યૌવન વયમાં આવતાં દુરાચારી થયો હતો. મારાથી મારા પિતા કંટાળી ગયા હતા. એક વખતે પિતાએ મને કહ્યું કે, "અરે દુરાચારી પુત્ર, હવે તું કાંઇક દ્રવ્ય કમાવા શીખ. અમે હવે તારૂં પોષણ કરીશું નહીં, તારા જેવા યુવાન પુત્રે કમાવું જોઇએ." પિતાના આવા વચન સાંભળી મને મનમાં લાગી આવ્યું, હું તત્કાલ ઘરમાંથી ચાલી નીકળ્યો અને માર્ગમાં આવેલા કોઈ શેરડીના વાઢમાં રક્ષક તરીકે નોકર રહ્યો. તે ક્ષેત્રની પાસે એક ક્ષેત્રપાળની મૂર્તિ હતી, હું હમેશાં તેની પૂજા કરતો હતો. એક વખતે કોઇ યોગિની તે ક્ષેત્રપાળની પાસે આવી. તેણીએ મારી પાસે શેરડી માગી. મેં પસન્ન થઇને તેણીને શેરડીના બે સાંઠા આપ્યા. તેથી તે હૃદયમાં આનંદ પામી. પછી તે શેરડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો રસ ચુશી, તેનો એક કોગળો ભરી તેણે મારા મુખમાં નાંખ્યો. અને તે પછી અંતર્ધાન થઇ ગઈ.

હે રાજેંદ્ર, તેજ વખતે ચમત્કારી રીતે મારા હૃદયમાં અકસ્માત્ કવિત્વ બુદ્ધિ પ્રગટ થઈ આવી. હું મહાન્ દિવ્ય કવિ થઈ ગયો. તેથી હું તે કવિત્વ શક્તિને ધારણ કરી જગતના કવિઓ, નો પરાભવ કરવાને બાહેર નીકળ્યો છું. પ્રથમ મારા સાંભળવામાં આવ્યું કે, ધારાનગરીના મહારાજા ભોજની પાસે સારા સારા કવિઓ છે. તેઓમાં કવીશ્વર ધનપાળ ઘણોજ પ્રખ્યાત છે. આ સાંભળી હું તેમનો જય કરવાને આપની રાજધાનીમાં આવ્યો છું." ધર્મકવિના આ વચનો સાંભળી રાજા ભોજને ધનપાળનું વિશેષ સ્મરણ થયું અને તેને માટે તેણે મનમાં પશ્ચાતાપ કર્યો અને તે વખતે તે ધર્મકવિને તેણે જણાવ્યું કે, "તમે થોડા દિવસ રાહ જુઓ. અમારા કવીશ્વર ધનપાળ બાહેરગામ ગયા છે, તેઓ આવશે એટલે તમારી ઈચ્છા હું પૂર્ણ કરીશ," આ પ્રમાણે કહી ધર્મકવિને સારા સ્થાનમાં રાખી રાજા ભોજે ધનપાળ કવિની શોધ કરવાને અનેક માણસો મોકલ્યા હતા. તપાસ કરતાં ભોજરાજાના જાણવામાં આવ્યું કે, "ધનપાળ કવીશ્વર અમુક દેશમાં રહે છે." તે ઉપરથી તેણે પોતાના એક વિચક્ષણ મંત્રી દ્વારા નમ્રતાથી કહેવરાવ્યું કે, "કવીશ્વર ધનપાળ, તમે અમારા અપરાધ તરફ જોશો નહીં. તમારે હૃદયમાં સ્વદેશાભિમાન ધારણ કરી અહિં આવવું જોઇએ. તમારા આગમનથી મારા દેશની પ્રતિષ્ટામાં વધારો થશે." રાજાના આવા સંદેશાથી કવીશ્વર ધનપાળ ધારાનગરીમાં આવ્યો હતો. ભોજરાજાએ મોટા આડંબરથી તેને નગર પ્રવેશ કરાવ્યો અને મોટી જાહેર સભા મેળવી ધર્મકવિની સાથે તેને વાદ કરાવ્યો. કવિતાશાસ્ત્રના પારંગત એવા ધનપાલે ક્ષણવારમાં ધર્મ કવિનો પરાજય કર્યો અને ભોજરાજાની સભામાં તેનો જયધ્વનિ પ્રસરી રહ્યો કવીશ્વર ધનપાળનું સર્વોત્તમ કાવ્ય ચાતુર્ય જોઈ ધર્મ પંડિત ખુશી થઈ ગયો અને તે સમયે તેણે ધનપાલની પ્રશંસારૂપ નીચેનો શ્લોક કહ્યો હતો—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" सत्याह कविरेकोसि धनपाल धियां निधि : ।
इति प्रतीतं मच्चित्ते बुधो नास्ति तु निश्चितम् ॥ १ ॥

તેણે કહ્યું કે, " હે ધનપાલ, બુદ્ધિઓના ભંડાર રૂપ તમે એક જ કવિ છો; એમ મને મારા હૃદયમાં ખાત્રી થઇ છે. અને તમારા જેવો કોઇ વિદ્વાન્ નથી, એવો મને નિશ્ચય થાય છે. "

ધર્મ પંડિતના મુખથી આવી પ્રશંસા સાંભળી કવીશ્વર ધનપાળે પોતાના હૃદયમાં ગર્વ નહીં લાવતા આ પ્રમાણે કહ્યું હતું, "ભદ્ર, તમે મને સર્વોત્તમ વિદ્વાન્ કહો છો, પણ આ સમયે અણહિલપુર પાટણમાં રહેલા વાદિવેતાલ **શ્રી શાંતિસૂરિ** સમાન કોઈપણ વિદ્વાન્ આ ભરતખંડમાં નથી." ધનપાલના આવા નિરભિમાની વચનો સાંભળી સર્વ સભા ઘણીજ ખુશી થઈ હતી અને તેથી તે કવીશ્વરની ભારે પ્રશંસા સકળ સભામાં થઇ હતી.

કવીશ્વર ધનપાલના બંધુ શોભનાચાર્યે **શોભનસ્તુતિ** નામનો ચમત્કારી કાવ્ય ગ્રંથ રચેલો છે. તે ઉપર પોતાના બંધુના પ્રેમને લઇ કવીશ્વર ધનપાલે ટીકા કરેલી છે. જે ટીકામાં તે ચતુર કવિએ પોતાની ખરી વિદ્વત્તા દર્શાવી આપી છે.

મહાનુભાવ શોભનાચાર્યને એક વખતે ગોચરીએ જતાં માર્ગમાં એ ગ્રંથની રચના કરવાનો વિચાર ઉદ્ભવેલો તે વખતે તેઓનું ચિત્ત તે ગ્રંથની રચનામાં એટલું બધું વ્યગ્ર થયેલું કે, તેઓ એક શ્રાવિકા ને ઘેર ફરી ફરીને ત્રણવાર ગોચરીએ ગયેલા હતા. આસ્તિક શ્રાવિકાએ તેમ થવાનું કારણ પૂછતાં શોભનાચાર્યે પોતાના ચિત્તની વ્યગ્રતા જણાવી હતી. શ્રાવિકાએ પછી એ વાત તેમનાં પૂજ્ય મહેંદ્રસૂરિને જણાવતાં તેમણે શોભનાચાર્યને પૂછ્યું એટલે, તેમણે તેનું યથાસ્થિત કારણ કહી સંભળાવ્યું. પછી તેમના ચમત્કારી કાવ્યની રચના જોઈ ગુરૂ મહારાજ હૃદયમાં અતિશય પ્રસન્ન થયા હતા.

કવીશ્વર ધનપાળ, ગૃહસ્થ ધર્મનાજ ઉપાસક રહ્યા હતા. તેઓએ અતિચારરહિત ગ્રહસ્થ ધર્મ પાળી અને ઉત્તમ પ્રકારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મધ્યાન કરી પોતાનો સમય પ્રસાર કર્યો હતો. તેઓ પોતાની ચમત્કારિક કવિત્વશકિતવાળી પ્રતિભાથી " સિદ્ધ સારસ્વત કવીશ્વર" એવી પદવીને પ્રાપ્ત થયા હતા. તે મહાનુભાવ પોતાના શ્રાવક જીવનમાં અનેક ઉપકારના કાર્યો કરી અંતે શુદ્ધ શુભ ધ્યાનમાં લીન થઈ મરણ ધર્મને પામ્યા હતા. જ્ઞાની પુરૂષો કહે છે કે, તે કવીશ્વરનો આત્મા ધર્મધ્યાનના પ્રભાવથી સૌધર્મદેવલોકે ગયેલો છે. તેમણે પોતાના જીવનના છેલ્લા ભાગમાં "**પાયલચ્છીનાલમાલા**" નામે એક ગ્રંથ રચેલો હતો. અને તે ગ્રંથની રચના વિક્રમ સંવત્ ૧૨૨૯ ના વર્ષમાં કરવામાં આવેલી છે.

પ્રિય વાંચનાર, આ મહાનુભાવ કવીશ્વરના જીવનનું મનન કરજો. અને તેમના જીવનમાંથી ઉત્તમ બોધ ગ્રહણ કરજો. પૂર્વ કાલે જૈન પંડિતોએ આપણાં આર્હત ધર્મના ઉદ્યોતમાં કેવો પ્રયત્ન કરેલો છે? તે સાથે નિઃસ્પૃહવૃત્તિ ધારણ કરી કેવું ધર્માભિમાન રાખેલું છે? ભોજ જેવા સમર્થ રાજાએ **તિલકમંજરી** ગ્રંથમાં ફેરફાર કરવાની આજ્ઞા કરી, તથાપિ મહાનુભાવ કવીશ્વરે તે માન્ય કરી નહીં. તેઓ સ્વદેશ છોડી દુઃખ વેઠવા તત્પર થયા, પણ તેમણે પોતાના ધર્માભિમાનને શિથિલ કર્યું નહીં. ધન્ય છે, તે ધર્મવીર કવીશ્વરને, જ્યારે ભારત ભૂમિ ઉપર આવા ધર્માભિમાની વીરનરો પ્રગટ થશે, ત્યારે જ આર્હત ધર્મનો પૂર્ણ ઉદ્યોત થશે.

---

# અદ્ભુત ઊપનય.

( અનુસંધાન ગત અંક ૨૦૩ થી શરૂ. )

તે પછી બીજા પક્ષીઓના મધુર ધ્વનિથી આકર્ષાઈ તે તરૂણ તેને શ્રવણ કરવામાં, તે પછી કસ્તુરીના જેવા સુગંધને લેવામાં તે ઘણોજ આસક્ત બને છે. તે ઉપરથી તરૂણ મુનિજી શ્રાવકોના બહુમાનમાં લલચાઈ આગળ ચાલે છે, તો તેને શ્રવણેંદ્રિય તથા ઘ્રાણેંદ્રિયના સુખને મેળવવાની ઈચ્છા થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે તરૂણ પુરૂષને આગલ જતાં મખમલના જેવી કોમલ ભૂમિનો આનંદ મળે છે, તે સંસારી ગ્રહસ્થોના અતિ પરિચયથી તરૂણ મુનિ સ્પર્શેંદ્રિયની આસક્તિમાં આવી પડે એ વાત જાણવાની છે. મુનિઓને બેસવામાં અને સુવામાં જે ઉપકરણો કહેલા છે, તે ઉપકરણનો અનુક્રમે ભોગ થતો જાય છે. અજ્ઞાની શ્રાવકો મુનિને ભક્તિદ્વારા ચલાવે છે. જેમ જેમ શ્રાવકો ભક્તિ અને બહુ માન કરતાં જાય છે, તેમ તેમ તરૂણ મુનિ સુખની ઈચ્છાવાળા થતા જાય છે. શ્રવણ, ઘ્રાણ, નેત્ર અને સ્પર્શ ઇંદ્રિયોના વિષયો તેને પ્રિય થતા જાય છે. આવા ઉત્તમ સુખમાં તે તરૂણ મુનિ પોતાના પાંચ કલ્પવૃક્ષરૂપ પાંચ મહાવ્રતોને ભુલી જાય છે. વળી કોઇવાર પાછું તેમનું સ્મરણ થાય છે; પણ પૂર્વના શુદ્ધ સ્વરૂપને તે મેળવી શકતો નથી.

જ્યારે તે તરૂણ પુરૂષ કોમળ ભૂમિ ઉપર સૂતો હતો, તે વખતે જે વિકરાળ પુરૂષ આવ્યો અને તેની ઉપર જે તે તરૂણને સ્નેહ ઉત્પન્ન થઇ આવ્યો અને તેને બહુ માન આપી પોતાની પાસે બેસાડ્યો, તે પ્રમાદ સમજવો. જ્યારે તરૂણ મુનિ સુખના સાધનની સામગ્રીને પ્રાપ્ત થાય છે, ત્યારે તેનામાં પ્રમાદ આવે છે. તે પ્રેમથી પ્રમાદને માન આપે છે. તે વખતે પ્રમાદે તે તરૂણ પુરૂષને જે વચનો કહ્યાં છે, તે પ્રમાદના સ્વરૂપને ઘટતા છે. પછી તે તરૂણ મુનિ પ્રમાદની સાથે રહે છે એટલે પ્રમાદી થાય છે અને પોતાની ખુશામત કરનારા પક્ષિરૂપી શ્રાવકોનું બહુ માન મેળવી હૃદયમાં ખુશી થાય છે. પ્રમાદી પુરૂષ પછી કાંઇપણ કરી શકતો નથી. પ્રમાદને વશ થઇ ધર્મ, વ્રત તથા તપની દરકાર રાખતો નથી.

તે તરૂણ પુરૂષની પાસે મદ ભરેલી આકૃતિવાલો જે પુરૂષ આવ્યો હતો, તે અહંકાર હતો. તે પુરૂષના મુખમાંથી જે શબ્દો નીકળ્યા છે, તે મદ ભરેલા વચનો છે. તે અહંકારને પણ તે તરૂણ મુનિ આશ્રય આપે છે. હવે તે તરૂણ મુનિના શરીરમાં પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માદ અને અહંકાર બંનેનો યોગ થઈ આવ્યો. હવે તેનાથી ચારિત્ર ધર્મ દૂર થતો જાય છે. તે તરૂણ મુનિ પક્ષિરૂપી શ્રાવકોના ખુશામતના શબ્દોથી આકર્ષાઈને આવી સ્થિતિએ આવી જાય છે. તે તદન પોતાના કર્ત્તવ્યથી ભ્રષ્ટ બની જાય છે. પ્રમાદ અને અહંકારને લઈ મુનિ હૃદયમાં તામસી વૃત્તિને પ્રાપ્ત કરે છે એટલે તે ઘણોજ ક્રોધી બની જાય છે.

આ વાતમાં કહેવામાં આવ્યું છે કે, પછી જ્યારે તે તરૂણ એવી સ્થિતિમાં આવ્યો, એટલે પેલા મધુર શબ્દો બોલનારા પક્ષીઓ તેનાથી દૂર રહેવા લાગ્યા અને વિવિધ જાતના વનના આનંદો પણ તેનાથી દૂર થયા. તે ઉપરથી સમજવાનું કે, જ્યારે તરૂણ મુનિ પ્રમાદ અહંકાર અને ક્રોધને વશ થાય છે, એટલે તેનામાં ચારિત્રના ગુણો રહેતા નથી, આથી તે મુનિ તરફ પેલા ખુશામતિયાં શ્રાવકો અભાવ દર્શાવે છે. પ્રપંચી વણિકો તદન બદલાઈ જાય છે અને તેના તે પોતાના તે ગુરૂની નિંદા કરવામાં સામેલ થાય છે. અને તેનું અપમાન પણ કરે છે. આ વખતે તે તરૂણ મુનિના જાણવામાં આવે છે કે, હું પ્રમાદ, અહંકાર અને ક્રોધને વશ થયો, તેથી લોકોમાં મારૂં અપમાન થાય છે. પછી તે રાત્રે પોતાના દુરાચારને માટે પશ્ચાત્તાપ કરે છે. અને જેમાં તેને પેલા મહાત્મા આચાર્ય મહારાજનો યોગ થાય છે. પોતાના શિષ્યના હૃદયમાં સદ્વિચાર પ્રગટ થયેલો જોઈ તે આચાર્ય મહારાજ તેને ઉપદેશ આપે છે જે ઉપદેશની અસર તે તરૂણ મુનિના હૃદયમાં સારી રીતે જાગ્રત થાય છે અને તત્કાલ તેના સર્વ આચારમાં મોટો ફેરફાર થઇ જાય છે.

આ અદ્‌ભુત ઉપનયની યોજના માત્ર યતિધર્મના શુદ્ધ સ્વરૂપને દર્શાવાને કહેલી છે, જે મહા મુનિઓ ચારિત્ર ધર્મના શુદ્ધ સ્વરૂપને સમજે છે અને હૃદયની શુદ્ધિથી તે પ્રમાણે પ્રવર્ત્તવાને તત્પર રહે છે, તેમને પૂર્ણ ધન્યવાદ ઘટે છે અને તેઓ સર્વદા વંદનીય અને માનનીય છે.

**સમાપ્ત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાની.

ગતાંક નવમાના પૃષ્ઠ ૧૯૬થી શરૂ.

હે! મહારાણી! અમારા દર્શનનું નામ ચાર્વાક છે. અમારા દર્શનના મૂળ પ્રણેતા વૃહસ્પતિ છે. અમારા દર્શનનું બીજું નામ લોકાયિત છે. કાપાલિક ભસ્મ લગાડનારા, યોગી, બ્રાહ્મણ વિગેરે તમામ ઉંચ, તેમજ નીચ જાતિના આ દર્શનનો આશ્રય ગ્રહણ કરે છે.

અમારા દર્શનિયો પુણ્ય, પાપ આદિ માનતા નથી. અમારા દર્શનમાં પંચભૂત પૈકી આકાશ સિવાય ચાર ભૂતોથી જગત બનેલું છે, અને તે ભૂતો થકી મદ શક્તિ પેઠે ચૈતન્ય પેદા થાય છે. એમ માનીએ છીએ. આ જીવ જળના પરપોટા જેવો છે, અર્થાત્ ચૈતન્ય વિશિષ્ટ કાયા તેજ પુરૂષ છે એમ અમારા દર્શનમાં કહેલું છે; વળી અમારે મદ્ય માંસ ખાવામાં પણ બાધ નથી. ધર્મને કામ થકી ભિન્ન અમો માનતા નથી. વળી જીવ નથી. નિર્વૃત્તિ નથી. ધર્મ અધર્મ નથી. પુણ્ય પાપનું ફળ પણ નથી. કારણકે તે પ્રત્યક્ષ નથી. માત્ર ઇંદ્રિય ગોચર છે તેટલુંજ જગત્ છે. ભૂતમાંથી અદ્ભૂત એવા ચૈતન્યથી જુદો ચૈતન્યના હેતુરૂપે કલ્પાયેલો અને પરલોકમાં જનારો જીવ પદાર્થ પ્રત્યક્ષ અનુભવાતો નથી, જેથી જીવના સુખ દુઃખના કારણ ધર્મ, અધર્મ, સ્વર્ગ, નરક, પુણ્ય, પાપ, અને કર્મ તેમજ તેના ક્ષયથી થતો મોક્ષ જે બિવિધ રીતે વર્ણવવામાં આવે છે, તે બધું આકાશ રચનાની જેવું છે તેથી તે હાસ્યાસ્પદ છે. અમારા દર્શનમાં માત્ર એક પ્રત્યક્ષ પ્રમાણ છે. હેય ઉપાદેય એવું કાંઈ છેજ નહીં, અને વિષય સુખ, ખાવું-પીવું વિગેરે સિવાય બીજો ધર્મ છેજ નહીં. પ્રત્યક્ષ ઇહલૌકિક સુખ તજી સ્વર્ગાપવર્ગાદિ સુખ માટે તપ, જપ, ધ્યાન વિગેરે કરવું તે અજ્ઞાન છે. આ પ્રમાણે પોતાના દર્શનનું ટુંક સ્વરૂપ ચાર્વાક દર્શનના પંડિતે કહ્યાબાદ રાણી બોલ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાણી—પંડિતજી ! જ્યારે તમે કાયાકારે પરિણામ પામેલા ચૈતન્યના પણ કારણ એવા ભૂત માત્રની ઉપલબ્ધિ થાય છે, પણ તેમનાથી જૂદો ભવાંતરગામી કે ઉક્ત લક્ષણવાળો કોઇ જીવ અથવા આત્મા જણાતો નથી તેથી તે શરીર તે પોતેજ અહં પ્રત્યય થાય છે એમ કહો છો તો, તેનું અસ્તિત્વ પ્રમાણ સિધ્ધ નથી. કારણ કે ચેતનાના યોગથી જે ચૈતન્યવાળું છે તેને, હું ઘટને જાણું છું. એમાં જે અહં પ્રત્યય છે તે પ્રત્યક્ષ થવો યોગ્ય નથી. તેનાથી જુદી જે ચેતના તેને છે. કારણ કે અહં પ્રત્યય છે તેમાં જ્ઞાનની કર્તૃતા છે ને તેજ આત્મા છે. જેમ હજારો દીપના પ્રકાશથી પણ જે પોતેજ અપ્રકાશ સ્વરૂપ છે તેવા ઘડાનું પ્રકાશપણું કદિ પણ થતું નથી, પણ પ્રકાશતો દીપકને રહે છે, તેમ ચેતનાના યોગથી પણ સ્વતઃ ચેતન એવા દેહને જ્ઞાતાપણું થવાનું નથી, પણ ચેતન તેજ રહેશે જેથી અહં પ્રત્યય પણ તેનેજ છે. હું સ્થૂલ છું, હું કૃશ છું ઇત્યાદી જે પ્રત્યય છે તે આત્માને થાય છે જેથી આત્મા અને દેહ તે જૂદાજ છે.

વળી તમો કહો છો કે પૃથ્વી, જળ, તેજ, વાયુ એ ચાર ભૂતના સમુદાયથી ચૈતન્ય થાય છે. તો તેવા આત્માને સાધવામાં પ્રત્યક્ષ પ્રમાણ છે કે અનુમાન ? તમારૂં પ્રત્યક્ષ તો ઘટતું નથી. કેમકે તેનો પ્રતિ નિયત ઇંદ્રિયને સંબંધ રૂપાદિનેજ પોતાનો વિષય કરી શકે છે, અને ઉક્ત આત્મા તેવો નથી. એટલે જીવને સાધવામાં તે પ્રમાણની પ્રવૃત્તિ નહીં થાય અને અનુમાન પ્રમાણ તો તમારૂં દર્શન જો કે માનતુંજ નથી, પણ તકરારની ખાતર અનુમાન પ્રમાણ માનો તોપણ તેથી તેના ઇષ્ટ અર્થની સિધ્ધિ થવાની નથી.

વળી તમો કહો છો કે "કાયારૂપે પરિણામ પામેલા ભૂત માત્રનીજ ઉપલબ્ધિ થાય છે, તેનાથી જુદો આત્મા નથી કેમકે તે બાબતમાં કશું પ્રમાણ નથી એ કથન તમારૂં વાસ્તવિક નથી. કેમકે પ્રત્યક્ષ પ્રમાણ પોતેજ આત્માનું અસ્તિત્વ પ્રતિપાદન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુઓ—" હું સુખ અનુભવું છું" એવો અન્યોન્ય વિવિક્ત જ્ઞાતા જ્ઞેય અને જ્ઞાનનો ઉલ્લેખ કરનાર પ્રતિ પ્રાણીને જાણીતો પ્રત્યય થાય છે. માટે શરીરથી જૂદો કોઈ એ પ્રત્યયનો જ્ઞાનવાન આશ્રય છે એમ માનવું જોઈએ, કારણ કે તેનેજ જ્ઞાતપણું સંભવે છે તેથી તેજ જીવ છે અને દેહથી જૂદો છે એમ સંભવે છે.

એમ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થયું. વળી બીજા અનુમાન પ્રમાણથી પણ આત્મા અને દેહ જુદા છે એમ સિદ્ધ થાય છે. એ અનુમાન આ પ્રમાણે છે.

૧ જીવતું શરીર પ્રયત્નવાનથી અધિષ્ઠિત છે. કેમકે ઇચ્છાને અનુકૂળ ક્રિયાનો આશ્રય છે. શ્રોતાદિ જે જ્ઞાન સાધન છે તે કોઈ કર્ત્તાથી પ્રયુક્ત છે. કેમકે તે કરણ છે, દેહને ઇંદ્રિયો ને અધિષ્ઠાતા છે કેમકે તે પણ કરણ છે, શરીર વિદ્યમાન ભોકતાવાળું છે. કેમકે ભોગ્ય છે જેથી ભોકતા તેજ જીવ છે, વિગેરે અનુમાન પ્રમાણથી પણ આત્મા દેહથી જૂદો છે એમ સિદ્ધ થાય છે. વળી સ્વર્ગ, નરક, પરલોકગમન, પુણ્ય, પાપ વિગેરે નથી એમ જે તમો કહો છો તે પણ યોગ્ય નથી. કારણ કે આત્મા પરલોકગમી છે અને તે પરલોકગમન (સ્વર્ગ, નરક, મનુષ્ય, તિર્યંચ વિગેરે) પુણ્ય પાપથીજ થાય છે. તેનું સાધક અનુમાન એ પ્રમાણે છે કે તે દિવસ તરતજના જન્મેલા બાળકને પ્રથમ સ્તનાભિલાષા થઈ તેનું કારણ પૂર્વની અભિલાષા છે. કારણ કે તરતના જન્મેલા બાળકને પૂર્વનો અભિલાષ હોવો જોઈએ, કેમકે આ જન્મમાં તરતજ તેને બીજો અભિલાષ થયેલો હોવાનો સંભવ નથી. જેથી પરલોકગામિત્વ સિદ્ધ થાય છે.

વળી જગતના જીવોમાં એક રંક, એક રાજા, એક સુખી, એક દુઃખી, એક રોગી, એક નિરોગી, વિગેરે દેખાય છે તે પણ પુણ્ય, પાપનું ફળ છે. જેથી પુણ્ય, પાપ પણ સિદ્ધ થાય છે.

રાણીના આવા બુદ્ધિ બળ અને તર્ક શકિત જે કે ગર્ભમાં આવેલ ઉત્તમ જીવનો પ્રભાવ છે એમ માની રાજા અત્યંત હર્ષ પામવા લાગ્યો. અને તેને પૂર્ણ સંતોષ થયો.

For Private And Personal Use Only

આવી રીતે ઉપર જણાવેલા દર્શનોના પંડિતો પાસેથી તેઓના દર્શનના શાસ્ત્રો શ્રવણ કર્યા છતાં, રાણીને ચિત્તમાંહે તેઓના શ્રવણ રૂચ્યા નહીં અને તેથી દોહદ પૂર્ણ ન થયો. ત્યારે રાજાએ પ્રધાનને કહ્યું કે હવે એ દોહદ પૂર્ણ શી રીતે થાય ? ત્યારે પ્રધાને કહ્યું સાહેબ ? હવે માત્ર જૈન દર્શન એકનુંજ શ્રવણ કરવું બાકી રહ્યું છે, જેથી જૈન મુનિ મહારાજ પધારે અને તેમના મુખદ્વારા જૈન દર્શનનું શ્રવણપાન કરવાથી રાણીની ઈચ્છા નિશ્ચે પુરી થશે, એમ મારી ખાત્રી છે. એવા પ્રધાનના વચન સુણી રાજા જૈનમુનિ મહારાજ શી રીતે પધારે તેવો વિચાર કરે છે, દરમ્યાન તેજ વખતે વિચરતા તેજ નગરના ઉદ્યાનમાં પંચ મહાવ્રત ધારક જીન શાસનના જાણ જીનધર્મ અધિકારી મહાગુણવંતા એવા પરમ કૃપાળુ પવિત્ર એક આચાર્ય મહારાજ [ જૈન મુનિ ] પધાર્યા તેમના પધારવાની વધામણી સેવક પુરૂષે આપી, જેથી તેને ઇનામ આપી; રાજા અને રાણી પરિવાર સહિત આચાર્ય મહારાજને વાંદવા ગયા. મુનિ મહારાજને વાંદ્યા બાદ આસન લીધું ત્યાર બાદ રાજાએ રાણીને ઉત્પન્ન થયેલ દોહદ અને તે પૂર્ણ થવા અન્ય દર્શનીયોના ધર્મશાસ્ત્રનું શ્રવણ કરાવ્યા છતાં તે પૂર્ણ ન થયો, તે હકીકત નિવેદન કરી રાણીનો દોહદ પુર્ણ થવા આચાર્ય ભગવાનને જૈનદર્શનના ધર્મશાસ્ત્રનું શ્રવણ કરાવવા નમ્રતા પૂર્વક વિનંતિ કરી, પ્રથમ આ મહાન જૈન દર્શનના આચાર્ય મહારાજ ઉપર તેઓની દૃષ્ટિ પડતાંજ હૃદયમાં આનંદ ઘણો પ્રગટ થઇ આવી, દૃષ્ટિ સુધામય થઇ, અને તમામ રોમરાય વિકસ્વર થવા લાગ્યાં. આ સમર્થ પવિત્ર દર્શનની યથાર્થ પ્રશંસા અને ધર્મ શાસ્ત્રનું શ્રવણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયેલો જાણી પોતાના આત્માને રાણી કૃતાર્થ માનવા લાગી. જે મહાન દર્શને પોતાના દયા ધર્મની ધારાથી ભારત વર્ષને પવિત્ર કર્યું છે, જેનું યશોગાન આર્ય દેશમાં આર્ય પ્રજા સર્વદા કર્યા કરે છે, અને જ્યારે ભારત ક્ષેત્ર ઉપર અજ્ઞાન એવી યુગલીયા પ્રજા વિદ્યમાન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી, કોઇ ધર્મ મર્યાદા કે વ્યવહાર મર્યાદા તે કાળમાં જાણતું નહોતું, તેવા સમયે આ પવિત્ર દર્શનની ધર્મ ભાવના તેમજ ધર્મ અને વ્યવહાર મર્યાદા પ્રગટ થઇ છે, જે દર્શન સર્વ દર્શનોમાં સૌથી પુરાણું છે. સર્વ દર્શનરૂપી [1]તટિની આ મહાન (જૈન) દર્શનરૂપી સમુદ્રમાં ભળેલી છે, આર્ય દેશની પ્રજાને જે દર્શને ધર્મ શબ્દનું ભાન કરાવ્યું છે, તેવા સર્વોત્તમ અને પવિત્ર દર્શનના મહાન આચાર્ય પાસે ધર્મશાસ્ત્ર સાંભળવા જેના રોમરાય સંપૂર્ણ વિકસ્વર થયા છે એવી કૂર્મા રાણી સ્વસ્થ થઇ સાનંદ વદને ધર્મ ધુરંધર આચાર્ય ભગવાનના મુખની પવિત્ર વાણી શ્રવણ કરવા લાગી. અપૂર્ણ.

# પરમા ધાર્મિકોની વાતો.

## (એક સ્વપ્ન)

ચૈત્ર માસની પ્રતિપદાનો દિવસ હતો. મહા સમર્થ શાલિવાહન રાજાના શકનો આરંભ દિવસ હતો. નવીન વર્ષના પ્રવેશથી હૃદયમાં નવી નવી ભાવનાઓ થતી હતી. સ્વદેશ, સ્વજ્ઞાતિ અને સાધર્મી બંધુઓના ઉદયના ઉપાયો શોધવાને હૃદય નવા નવા સંકલ્પો કરતું હતું. 'ગત વર્ષમાં શું નવું થયું અને આ નવા વર્ષમાં શું નવું થશે,' તેને માટે હૃદયની અંદર અનેક ભાવનાઓ પ્રગટ થતી હતી. આવા વિચારમાંજ આખો દિવસ પ્રસાર કરી રાત્રે એક પોહોર પછી સુવાની ઇચ્છા થઈ. એ ઇચ્છા નિદ્રાના બલથી તત્કાલ સાર્થક થઈ. મારી માનસિક શક્તિને દબાવી નિદ્રાએ મને પરવશ કરી દીધો. નિદ્રાનું રાજ્ય આસ્થા પછી ક્ષણવારે એક સ્વપ્નાનો મને પ્રાદુર્ભાવ થયો—"જાણે હું આ લોકમાંથી મૃત્યુ પામી ગયો. મૃત્યુ પામ્યા પછી મારા જીવને એક ભયંકર ભૂમિમાં લઇ જવામાં આવ્યો તે ભૂમિમાં કેટલાએક ભયંકર અને ક્રૂર દેખાવ વાળા પુરૂષો મારા જોવામાં આવ્યા.

૧ તટિની—નદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પુરૂષોની મોટી એક સભા એકઠી થઈ હતી. તેઓની વચ્ચે એક ઉગ્ર આકૃતિવાળો પુરૂષ ઉચ્ચાસનપર બેઠો હતો, ભયંકર આકૃતિઓ અને બીભત્સ દેખાવો ઉપરથી મને સ્મરણ થયું કે, આ પરમાધાર્મિક દેવતાઓ હશે. મેં જૈન શાસ્ત્રમાં તેમના રૂપ ગુણ વિષે વાંચેલું હતું, તે મને તે ક્ષણે સ્ફુરી આવ્યું. જ્યારે મારા હૃદયમાં 'આ પરમાધાર્મિકો છે' એવી ઓલખ થઈ એટલે હું અતિશય કંપવા લાગ્યો. પણ ધૈર્ય રાખીને ઉભો રહ્યો. ક્ષણવારે તેઓમાંથી એક પુરૂષ ગર્જના કરીને બોલ્યો-" ભાઈઓ, આજે આપણે શો વિચાર કરવાને એકઠા થયા છીએ ? તે વિષે ચર્ચા કરો. એટલે એક બીજો પુરૂષ બોલ્યો-ભાઈઓ, હાલમાં મનુષ્ય લોકને વિષે પાંચમો આરો પ્રવર્ત્ત છે. લોકો અધર્મ, દંભ, દુરાચાર, છલ-કપટ અને અનીતિથી વર્તે છે, તથાપિ કોઈ કોઈ વાર લોકોનું એવું પ્રવર્ત્તન જોવામાં આવે છે કે, તેઓ અધર્મ છતાં ધર્મમાં પ્રવર્ત્તતા હોય, છલ-કપટ સાથે સદાચાર સેવતા હોય અને કીર્ત્તિની ઇચ્છા સાથે દાન, તપ અને વ્રત કરતાં હોય, તેવાઓને માટે શું કરવું ? એ કાંઈ સૂઝતું નથી. એક તરફ ધર્મ અને બીજી તરફ અધર્મ— આવી પ્રવૃત્તિથી તેમને કેવી શિક્ષા કરવી ? તેને માટે આપણને મુઝવણ થઈ પડે છે. આપણે બધા તેમને તેમના કર્મની શિક્ષાના ફલ આપવાને નિર્મિત થયા છીયે. કહો, તેમાં શી રીતે કરવું ?

પછી કોઇ ત્રીજો પુરૂષ બોલ્યો-એ વાતનો આપણે વિચાર કરવાનો નથી. આપણે તો આપણી પ્રવૃત્તિ તેના નઠારા કર્મને અનુસરીને કરવાની છે. સર્વ જગતના નાયક શ્રી અરિહંત પ્રભુએ આગમદ્વારા યતિઓ અને ગૃહસ્થોને પ્રવર્ત્તવાના જે નિયમો દર્શાવ્યા છે, તે નિયમોને અનુસરીનેજ આપણે વર્ત્તવાનું છે.

ચોથા પરમાધાર્મિકે ગર્જનાથી કહયું, " પ્રિય બંધુઓ, એ વાત યથાર્થ છે, તથાપિ મારે કહેવું જોઇએ કે, કેટલાએક ગૃહસ્થો આર્હત ધર્મના ઉપાસક દેખાય છે, પરંતુ અંદર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓની પ્રવૃત્તિ જુદાજ પ્રકારની હોય છે. તેવાઓને માટે કર્મને અનુસરી શિક્ષા કરવામાં આપણે બહુ ધ્યાન રાખવાનું હોય છે.

આ વખતે કોઈ બે પરમા ધાર્મિકો હસીને બોલ્યા—"બંધુઓ, આજકાલ તો મનુષ્ય લોકમાંથી જુદા જુદા સ્વભાવના અને જુદી જ રીતે વર્ત્તનારા ઘણાં જીવો આપણી શિક્ષણ શાલામાં આવે છે. તેનું શું કારણ હશે? એ કાંઈ સમજાતું વથી.

આ વખતે પેલો સભાનો મુખ્ય નાયક બોલ્યો—ભાઈઓ તમે શામાટે મુંઝાઓ છો? મર્ત્ય લોકમાં લોકો ગમે તેવી રીતે પ્રવર્ત્તે તોપણ તેમના કર્મો તેઓને આપણા હાથની વેદનાનો અનુભવ કરાવવા દોરી લાવશે. આપણે તો જે જીવ આપણી સમક્ષ આવે તેમને તેમના કર્માનુસાર શિક્ષા કરવાની છે.

એક ઉગ્ર રૂપ વાળો પરમા ધાર્મિક બોલી ઉઠયો—બંધુઓ, આ આપણા સભાપતિએ જે વાત કહી છે, તે યથાર્થ છે. મારી પાસે કેટલાએક એવા જીવો આવે છે કે, જેઓ પૃથ્વી ઉપર પોતાના સમુદાયના આગેવાનો બન્યા હોય, ધર્મના ઘણાં કાર્યોમાં તેઓ અગ્રેસર થઈ કામ કરતા હોય અને વિવિધ પ્રકારના નિયમો કરી ધર્મનું કાર્ય કરતાં હોય તેવા દેખાતા હોય, પણ તેઓ તે બધા કામમાં છળ—કપટથી રમતા હોય છે. ઉપરથી સારા વચનો બોલતા, પ્રમાણિકતાનો આડંબર રાખતા અને મુનિ મહારાજાઓની વયાવચ્ચ કરતા દેખાતા હોય છે, પણ તેમના હૃદયમાં એટલા બધા છળ—કપટ ભરેલા હોય છે કે, તેઓ સર્વદા બીજાનું અશુભ ચિંતવતા, અને લોકોમાં વિક્ષેપ કરાવતા હોય છે. કદિ સંસારી ગૃહસ્થવર્ગને માટે તેવી પ્રવૃત્તિ હોય તો જરા ઠીક પણ પવિત્ર મુનિ મહારાજાઓના મંડળમાં પણ પરસ્પરસપર રાગ દ્વેષ અને ઈર્ષ્યા ઉત્પન્ન કરાવનારા થાય છે. આવા કેટલાએક જીવો મારા હાથની વેદના ભોગવવાને માટે આવે છે. આ વખતે એક વિકરાળ પરમાધાર્મિક બોલી ઉઠયો. ભાઈઓ આ વાત સત્ય છે, મારા હાથમાં પણ તેવા કેટલાએક જીવો આવે છે કે, જેઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મની પ્રવૃત્તિ પણ અધર્મનું કારણ થઈ પડે છે. ધર્મના અંધરાગથી બીજાને મોટી હાનિ કરવા ઉભા થાય છે. દયાનો અર્થ સ્વાર્થ કરે છે. પોતાના માનેલા જીવોને પાળવા અને બીજા જીવોને દુઃખ આપવું—એજ એમનો દયા ધર્મ છે. અને તેઓ બીજાની વંચના કરી હૃદયમાં ઉલ્લાસ પામે છે.

ઉગ્ર આકૃતિને ધારણ કરનાર એક પરમાધાર્મિક ઉંચે સ્વરે બોલ્યો—" અરે ભાઈ, કોઇ કોઇ એવા જીવ આવે છે કે, તેમની વૃત્તિ જાણુવામાંજ આવતી નથી. ધર્મની અનેક બાબતોમાં ભાગ લેનારા, બીજાના વિશ્વાસપાત્ર (ટ્રસ્ટ) ની અંદર નામથી અંકિત થનારા અને જાણે જગતના હિતકારક હોય, એવા માત્ર ઉપરથી દેખાતા ડોળ ઘાલુ પુરૂષો કેટલાક મારી પાસે આવે છે. તેમને હું ઉગ્ર શિક્ષા કરૂં છું. મને તે વિષે ઘણું આશ્ચર્ય થાય છે. "

બીજા પરમાધાર્મિએ તેનો ઉત્તર આપ્યો. એમાં તું શું આશ્ચર્ય પામે છે ? તેઓ માત્ર કીર્ત્તિની ખાતરજ પ્રવૃત્તિ કરનારા છે. ધર્મની અનેક બાબતોમાં જે તેઓ ભાગ લે છે તેપણ માત્ર પોતાની મહત્વતા વધારવા ખાતર જ છે. અને તેને અંગે ધર્મનો ઉદ્યોત કે લોકોનું હિત કરવું, એ તેમનો ઉદ્દેશ હોતો નથી. તેઓ કીર્ત્તિનો અથવા ધનનો સ્વાર્થ સાધવાને માટે જ તેમાં પ્રવૃત્તિ કરે છે તેમની એવી પ્રવૃતિ જોઈ મુગ્ધ હૃદયના લોકો તેમને પોતાના વિશ્વાસ પત્રમાં સામિલ કરે છે અને પછી તેઓ તેની અંદર પોતાનું સ્વામત્વ સ્થાપે છે. "

આ વખતે એક વિરૂપ પરમાધાર્મિક બોલી ઉઠ્યો—"બંધુઓ, મારી પાસે તો કોઇ એવા જીવ આવે છે કે, તેમણે સારા કામ કરેલા હોય, દ્રવ્યનો મોટો ભાગ સત્કાર્યમાં ખરચ્યો હોય, તથાપિ કોઇ દોષને લઇને તેઓને મારા હાથની વેદના ભોગવવાને આવવું પડે છે. તે વખતે પેલા નાયકે ઉત્તર આપ્યો." ભાઇ, એમાં આશ્ચર્ય પામવાનું નથી. કેટલાએક મનુષ્યો સારા કામ કરતાં દેખાતા હોય, પણ તેમના હૃદયમાં બીજાને હાનિ કરવાની ધારણા હોય છે. મૃગનો સીકારી મૃગને સપડાવવાને સુંદર ગાયન કરે છે અને પાપી ઢીમર મત્સ્યોને ખાવા કાંટાની સાથે મધુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદાર્થ રાખે છે, તેથી કાંઈ તે સારા કામ કરનારો ગણાતો નથી. તેવી રીતે તેઓ દ્રવ્યનો મોટો ભાગ ખર્ચી સારા કરતાં દેખાય છે, પણ તેના હૃદયની ધારણા એવી હોય છે કે, બીજાને હાનિ કરવી. બીજાનો પરાભવ કરવો, બીજાની પ્રતિષ્ટાને લાંછન આપવું, બીજાને દુનિયામાં વગોવવા અને આપણી ઉન્નતિ કરવી. આવી બુદ્ધિથી સારૂં કામ કરનારા પુરૂષો છેવટે આપણા તાબામાંજ આવે છે; અને મને તેનો ખરેખરો અનુભવ છે.

આ વખતે એક વૃદ્ધ પરમાધાર્મિક બોલ્યો–ભાઇઓ, તમારા બધાનું વિવેચન સાંભળી હું ખુશી થયો છું. પણ મારે કહેવું જોઇએ કે, જે પુરૂષો શુદ્ધ હૃદયથી સત્કર્મ કરે છે. સ્વાર્થ બુદ્ધિ, છળ–કપટ અને અહંભાવનો ત્યાગ કરી સારા કામમાં પ્રવર્ત્તે છે, તે પુરૂષો કદિપણ આપણા હાથમાં આવવાના નથી. આત્મભોગ આપી પરહિતને આચરનારા, બીજાના હિતમાંજ પોતાનું હિત સમજનારા અને પોતાના શ્રાવક જીવનને કૃતાર્થ કરનારા જીવો કદિપણ આપણી સત્તાને આધીન થવાના નથી. જો કે, હાલ પાંચમા આરાનો વિષમ કાળ પ્રવર્ત્તે છે, તથાપિ હજુ એવા પણ આત્માઓ પૃથ્વી ઉપર રહેલા છે કે, જેઓ મન, વચન અને કાયાની શુદ્ધિથી પ્રવર્ત્તન કરી પોતાના માનવ જીવનને કૃતાર્થ કરે છે. ઘણાં આત્માઓ હજુ દયા દાન કરનારા, ધર્મના અનેક કાર્યોમાં નિઃસ્વાર્થ બુદ્ધિથી વર્ત્તનારા અને સાધર્મી બંધુઓની સેવા કરવામાંજ આત્મહિત સમજનારા છે, તેઓ કદિપણ આપણી પાસે આવવાના નથી."

આ વૃદ્ધ પરમાધાર્મિકના આ વચનો સાંભળી બધા પરમાધાર્મિકો વિચારમાં પડી ગયા અને કેટલાએક તે વૃદ્ધના વચનોને અભિવંદન આપવા લાગ્યા. છેવટે તેઓ ગર્જના કરી પોતપોતાના કામ ઉપર હાજર થઇ ગયા. અને તે ગર્જનાની સાથે હું નિદ્રામાંથી જાગ્રત થઇ ગયો.

પ્રિય વાંચનાર, જ્યારે હું જાગ્રત થયો; ત્યારે ઘણીવારસુધી મને તે સ્વપ્નાનો દેખાવ નજરે આવવા લાગ્યો. પરમાધાર્મિકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના ભયંકર રૂપો અને દેખાવો મારા મનને જાગ્રત અવસ્થામાં પણ કંપાવા લાગ્યા. પછી હું સાવધાન થઈ શૌચ કરી અને સ્નાન કરી પ્રભુની પૂજા કરવાને ચૈત્યમાં ગયો. તે વખતે પ્રભુની સમક્ષ મેં ભાવનાપૂર્વક જણાવ્યું-" હે ત્રણલોકના નાથ, હે દયાસાગર, અરિહંત ભગવાન, મને કોઈ વાર આ પરમાધાર્મિકોના દર્શન થશો નહીં, હું આ લોકમાં શુદ્ધ દેવ ગુરૂની ભક્તિ કરી મારા શ્રાવક જન્મને સાર્થક કરીશ અને આત્મભોગ આપી ત્રિકરણ શુદ્ધિથી સર્વના હિતમાં ભાગ લઈશ." આવી ભાવના ભાવ્યા પછી મેં મારા મનમાં નિશ્ચય કર્યો કે, " હવેથી મારે કોઈપણ પ્રાણી ઉપર રાગ દ્વેષ રાખવો નહીં. સમભાવમાં વર્ત્તી સાધર્મી બંધુઓની સેવામાંજ જીવન ગાળવું. ઉત્તમ પ્રકારના ધર્મ ના દરેક કાર્યોમાં નિઃસ્વાર્થ વૃત્તિથી ભાગ લેવો અને સર્વદા સદાચાર સેવવો."

પ્રિય વાંચનાર, તમે પણ મારી જેમ સદ્વિચાર ધારણ કરી સત્કર્મમાં પ્રવૃત્તિ કરજો. નહીંતો પરમા ધાર્મિકોની શિક્ષાના પાત્ર થશો.

લી. **એક આત્માનંદ સભાનો**
**અવલંબી.**

# શ્રી કેળવણીની આવશ્યકતા.

( ગતાંક પૃષ્ટ ૨૦૧ થી શરૂ ).

પોતાના સંકટ, પોતાની અડચણો, પોતાની જરૂરીયાત, પોતાનું વાજબીપણું અને પોતાનું કર્તવ્ય શું છે, અને તેનો ખરો માર્ગ કયો છે, ખરા ઉપાય શું છે તેજ ન સમજતાં સ્ત્રીઓ આજે પોતાના સમયનો અને દ્રવ્યનો ઉપયોગ પોતાની સંતતી વિગેરેને માટે તેમજ પોતાના પતિ અને વડિલોના જોઈએ તેટલા પ્રેમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભાવે વૃથા વેહેમ અને મંત્ર જંત્રમાં કરે છે, તેનું કારણ પણ કેળવણીની ખામી તેજ છે.

પોતાના પતિ અને સાસુ સસરાની કેમ સેવા કરવી, તેનો કેમ પ્રેમ મેળવવો અને પોતાના ઘરમાં સુલેહ શાંતિ અને સંપ કેમ રાખવો તેની આવડતની ખામીને લીધે, અત્યારે અનેક ઘર અને કુટુંબોમાં કુસંપ, સાસુ વહુની લડાઈ, પતિ પત્નીમાં કલેશ અને તેવા બીજા કારણોને લઈને કેટલાક કુટુંબોની સ્ત્રીઓ અધમ દશા ભોગવે છે તે આપણે સાંભળીયે છીયે અને નજરે જોઈએ છીએ આવી દશા થવાનું મુખ્ય કારણ સ્ત્રીને કેળવણીની ખામી તેજ છે.

સુધરેલા દેશોમાં યાને જે દેશનો ઉદયકાળ બળવાન હોય તે દેશોમાં જ્યારે લોકો એકત્ર થઈ સંપ કરી, દેશ, કુટુંબ, કોમનો ઉદ્ધાર કરવા મચ્યા રહે છે, ત્યારે આપણા દેશમાં સ્ત્રીયો પરસ્પર ઈર્ષા અને અસૂયા વૃત્તિ રાખી વૈર બુદ્ધિથી કુટુંબમાં, કોમમાં, આડોસી પાડોસીમાં, શેરીમાં કુસંપના બીજ નિરંતર વાવે છે; ભાઈઓ ભાઈઓમાં, પતિ પત્નીમાં, મા દિકરામાં, બાપ દિકરામાં, સાસુ વહુમાં, વહુ નણંદમાં અને સમગ્ર રીતે કુટુંબમાં અને સગા સંબંધમાં તકરાર કરાવે છે, અને સંપ તેમજ ઐકયતાનો ભંગ કરાવી સર્વત્ર વિરોધ, ઉદ્વેગ, નિરાશા વિગેરે ફેલાવે છે તેનું કારણ પણ જોઈશું તો કેળવણીની ખામી તેજ છે.

સ્ત્રીઓની કેળવણી ( શારિરીક કેળવણી ) ની ખામીને લીધે હુજારો બાળકો આજે સારી સંભાળ, અને માવજતના અભાવે તેમજ યોગ્ય ઔષધને બદલે વ્હેમ અને બે દરકારીથી મરણને શરણ થાય છે. અને તેવાજ કારણોથી અનેક બચ્ચાંઓ તેવીજ રીતે જન્મ પર્યંત વિવિધ પ્રકારની ખોડો, શારિરીક અશક્તિ અને ક્ષીણતાને આધીન થાય છે. સ્ત્રીઓ અજ્ઞાન હોઈને અને તેઓમાં કેળવણીની ખામી હોવાથી પોતાનું તેમજ પોતાના બાળકોનું આરોગ્યનું જોઈએ તેવું રક્ષણ કરી શકતિ નથી. આપણી સંતતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિન પ્રતિદિન નિસ્તેજ, વીર્યહિન, બીકણ, નિરૂત્સાહી, વિગેરે થતી જાય છે, તેનું કારણ પણ તેજ છે.

પોતાનું અને બચ્ચાનું આરોગ્ય અને મજબૂતી એજ શારિરીક સૌંદર્યની અભિવૃદ્ધિના મુખ્ય સાધન છે. અને આપણી જુની કેહેવત " પેહેલું સુખ તે જાતે નર્યા " ( એટલે શરીરે સુખાકારી અને આરોગ્યપણું તે બીજા સુખથી પ્રથમ અને મોટું સુખ ) એ સમજવાને બદલે નાજુકાઈ તકલાદીપણું, નિર્બળતા, વસ્ત્રાભૂષણનો ઠાઠ એજ શરીરનો ઠાઠ અને શારીરિક સૌન્દર્યને શોભા આપનાર છે એવી જે માન્યતા અત્યારે થઈ છે, તે પણ કેળવણીની ખામી છે.

પોતાના ઘરની સ્થિતિ, પોતાના ઘરનો ખર્ચ, પોતાના પતિની આવક, તેના ઉપર નજર ન રાખતાં કરકસરના નિયમોને ધ્યાનમાં ન લેતાં બીજા જ્ઞાતિના કે શેહેરના આગેવાન અને પૈસા પાત્ર ઘરના બૈરાઓની રીતભાત, પેહેરવેશ શણગાર, ઘરેણાં દાગીના, કપડા લત્તા અને ઠેકો જોઈ તેનું અનુકરણ કરી તેવો વેષ, શણગાર અને રીતભાત પોતાનામાં પોતાના ઘરમાં અને પોતાના શરીરમાં દાખલ કરવા પતિ સાથે અને સાસુ સસરા અને કુટુંબો સાથેના કલેશ અને કંકાશમાં ઉતરે છે, તેનું કારણ પણ જોઈશું તો કેળવણીની ખામી તેજ છે.

પોતાના પતિને શું આવક છે, અને ઘરનો ખર્ચ તે કેવી રીતે ચલાવતા હશે તેમજ ઓછી આવક અને વધારે ખર્ચ થતો હોય તો તેવા પ્રસંગની મુંઝવણ અને દુઃખ વખતે દિલાસો, ધૈર્યતા, સલાહ અને આવક વધે તેવા રસ્તા બતાવવાનું કે પ્રાપ્ત કરવા કરાવવાનું કોરે મુકી પોતાના શરીર સૌન્દર્ય માટે અનેક વસ્તુઓ લાવવાને કલેશ કરી પતિને રંઝાડવા ચુકતી નથી, વળી બહારથી મેહેનત કરી, નોકરી કરી, ગુલામી કરી થાકી પાકી લોથ થઈ ગયેલ પોતાના સ્વામિને આસ્વાસન ન આપતાં, તેને શાંત ન કરતાં, મીષ્ટ વચનથી બોલાવી, સારી રીતે જમાડી, તેને શાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત કરતાં અનેક જાતનાં અયોગ્ય વચનો કહી પોતાના પતિના ચિત્તને અવ્યવસ્થિત કરી સંતાપ ઉત્પન્ન કરે છે. અને તેવા કારણોથી તેવી સ્ત્રીઓના પતિને પોતાના ધંધામાં કે નોકરીમાં કે પોતાના શેઠની દુકાને કે વ્યવહારમાં અપ્રમાણિકપણું કરવાના ઘણા દાખલાઓ બને છે તે તમામ સ્ત્રીયોને નહીં કેળવણી આપવાથી બનતા બનાવો રૂપે છે. વળી તે સાથે પુરૂષોને તેમના કર્તવ્યમાં અનુકુળ થવાને બદલે અનેક પ્રકારના અવિચાર અને વહેમથી તેમના કર્તવ્યમાં પ્રતિકુળતા અને વિઘ્ન નાંખે છે, અને તેવા અનેક કારણોથી સ્ત્રી પુરૂષના ઐકય જીવનમાં આજે જે કલેશ, કંકાસ અને પ્રેમની નિરસતા જોવામાં આવે છે તેમજ સ્ત્રી સુધારણામાં પોતાનો કોઈ જાતનો હિસ્સો આપી શક્તિ નથી જેનું કારણ પણ કેળવણીનો અભાવ તેજ છે.

આપણી ઉન્નતિનો મુખ્ય આધાર આપણી સ્ત્રીઓના સુશિક્ષિતપણાપર રહેલો છે, આપણે આપણી સર્વ રીતે ઉન્નતિ કરવી હોય, આપણે આપણા ઘર સ્વચ્છ, સુંદર, આનંદ જનક જોવાં હોય, આપણે આપણા બાળકો સ્વરૂપવાન, બળવાન, ધૈર્યવાન, બહાદુર, નીરોગી, નીતિમાન અને ધાર્મિક કરવાં હોય, દેશમાં, કોમમાં, સગા સંબંધીઓમાં, કુટુંબમાં, દ્વેષ, ઇર્ષા, વૈર, કુસંપ અને કલેશને બદલે પ્રેમ, પ્રીતિ, સંપ અને સુખની અભિવૃદ્ધિ જોવી હોય, વહેમ, અધર્મ, અનીતિને બદલે, સુશ્રદ્ધા, ધર્મ અને સુનીતિ જોવા ઇચ્છા રાખતા હોઇએ અને તેમ થતાં તેના મીઠા ફળો આ સંસારમાં ચાખવા હોય તો, કન્યાઓ અને સ્ત્રીઓને કેળવણી આપવાની આવશ્યકતા છે. (અપૂર્ણ).

## ભાવનગરમાં અઠ્ઠાઇમહોત્સવ.

આ વર્ષે અત્રે વર્ષીતપની તપશ્ચર્યા તેસઠ સ્ત્રીઓએ કરેલ હતી તેથી તેમના મહોત્સવ પ્રસંગને લઇ અત્રે ચૈત્ર વદી. ૧૦ થી અઠ્ઠાઇમહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો કે જે પ્રસંગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટા દેરાસરમાં શ્રી સિદ્ધાચળ ગિરિરાજની રચના કરવામાં આવી હતી. અને વૈશાક શુદી. ૩ ના રોજ ઘડા પીવા પછી મહોત્સવની સમાપ્તિ કરવામાં આવી હતી.

# સાતમી કોન્ફરન્સની તૈયારી.

ભાવનગરની છઠ્ઠી કોન્ફરન્સ પ્રસંગે આમંત્રણ કરવા પ્રમાણે સાતમી કોન્ફરન્સ પૂના ખાતે ભરવાની તૈયારી પ્લેગ સુબબ અ-સુરીપણ સતત શરૂ થઈ ગએલ છે. અને પ્રથમ ફેબ્રુઆરી માસમાં જે રીસેપ્શન કમિટિ ચુંટી કાઢવામાં આવી હતી તેની જનરલ સભા ગઈ તા. ૧૨ મી એપ્રીલે મળી હતી અને નીચેના ઠરાવો સાથે કમિટિઓ ચુંટી કામ શરૂ કરેલ છે.

**ફંડની સગવડ**—ખર્ચ માંટે ફંડ શરૂ કરેલ છે કે જેમાં કુલ રૂા. દશ હજાર ઉપરાંત ભરાઈ ચુકયા છે અને ફંડ કમિટિને આવક ખર્ચના અડસટાનું બજેટ કરવ ને સોંપવામાં આવેલ છે.

**મળવાનો દિવસ**—કોન્ફરન્સ ભરવાને માટે તા. ૨૨. ૨૩. ૨૪ મી. મેઈ જેઠ શુદી. ૩-૪ ૫ ને વાર શની રવિ સોમના દિવસ મુકરર કરવામાં આવ્યા છે. અને તે પ્રસંગે મહિલા પરિષદ પણ ભરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

**મંડપનું સ્થળ**—બેઠક માટે શુક્રવાર પેંઠમાં જગા પસંદ કરી છે.

**ફીનો દર**—ડેલીગેટ તથા વીઝીટરની ફી રૂા. ૨ બે અને સ્ત્રીઓને માટે એક વખતના આઠ આના તથા સીઝન ટીકીટનો રૂા. એક લેવા ઠરાવ્યું છે.

**પ્રમુખ**—પ્રમુખની જગ્યા માટે કોમના જાણીતા જુદાજુદા વિદ્વાન અને ધનવાન ગ્રહસ્થોને પસંદ કરી તેમને અનુક્રમે પ્રમુખ પદ લેવા માગણી કરવામાં આવે છે અને તેનો નિશ્ચય થયે નામ બહાર પાડવામાં આવશે.

**રીસેપશન કમિટી**—મુકરર કરવામાં આવેલ છે તે ઉપરાંત તેમાં નવા નામો ઉમેરવાં શરૂ છે અને પુના આસપાસ-દક્ષિણના જાણીતાં ગામોના વગવાળા પ્રતિષ્ઠિત ગ્રહસ્થોને ચુંટવાના ખબર આપવાને શરૂ કરેલ છે.

For Private And Personal Use Only